# જીવનની મધુરતા

મા-સ્વામી જય-વિજયાજી મહાસતીજીનું એક અમૂલ્ય જીવન સૂત્રઃ

ના અહં, ના મમ.

એક એવું વ્યક્તિત્વ હતું જે ધર્મના અને જીવનનાં સિધ્ધાંતો સાદી અને સરળ ભાષામાં સમજાવતા. એક એવી સમજણ આપી કે જો જીવનમાં મધુરતા અને મીઠાશ (sweetness and pleasantness) કાયમ જાળવી રાખવી હોય તો રાગ અને દ્વેષથી દૂર રહેજે, કષાયોથી- ક્રોધ, માન, માયા અને લોભથી દૂર રહેજે. એમના હિસાબે સુખ આવે અને જાય, પરંતુ મધુરતા અને પ્રસન્નતા કાયમ રહે. અને આ ત્યારે જ possible છે જ્યારે જીવનમાંથી મોહ- મમત્વ અને અહંકાર દૂર થાય.

મમત્વ અને અહંકાર એકબીજાના પૂરક છે. મમત્વ થકી અહંકાર વધે છે અને અહંકાર થકી મોહનો વિકાસ થાય છે. એટલા માટે જ નિષ્કામ કર્મયોગી મમત્વ બુધ્ધિરહિત કેવળ ઈન્દ્રિય, મન, બુધ્ધિ અને શરીર દ્વારા પણ આસક્તિને ત્યાગી અંતઃકરણની શુધ્ધિ માટે કર્મ કરે છે. નિર્મળ ચિત્ત દ્વારા જીવવું એ જ સત્ય ધર્મ.

“હું અને મારું” એ મોહરાજાનો મંત્ર છે. મોહરાજાના મુખ્ય બે સંતાન છે – રાગ અને દ્વેષ. જ્યાં એક તરફ રાગ જન્મે છે ત્યાં પાછળ દ્વેષ તો અવશ્ય હોય જ છે. આ રાગમાંથી જન્મે છે માયા- લોભ, દ્વેષમાંથી જન્મે છે ક્રોધ—ાન, દર્શનમોહ માલિકી કરાવે છે અને ચારિત્રમોહ તેની મમતા કરાવે છે.

કષાયોની ઉત્પતિ મોહમાંથી થાય છે. મોહમાંથી પ્રથમ ઈચ્છા (લોભ) ઉત્પન્ન થાય છે. ઈચ્છા (લોભ)ને પૂરી કરવા જીવ માયા કરે છે. જો માયા સફળ થાય તો જીવમાં માન કષાય ઉત્પન્ન થાય છે અને જો માયા નિષ્ફળ થાય તો ક્રોધ કષાય ઉત્પન્ન થાય છે.

મા-સ્વામી હંમેશાં સમજાવતા કે જેનામાંથી મમત્વ ચાલ્યું જાય છે તે જ ખરેખર મોક્ષમાર્ગનો સાધક છે. કહેતા કે સહેજ પણ અહંકાર આવશે તો તારો આત્મવિકાસ અટકી જશે.

જીવન એટલે સત્તા અને સંપત્તિ, અહં અને ઓળખ, પદ અને પ્રતિષ્ઠાની સીમાની પાર જઈને જીવેલો એકાદ આત્મિય અને પ્રેમાળ નાતો. જીવન એટલે

ઘોડાદોડ કે ઉંદરદોડ કે ટ્રેડમિલ દોડ નથી. જીવનની સફળતાનો આધાર કદાચ સો સંબંધ હોઈ શકે પણ તેની સાર્થકતાનો આધાર સમગ્રતાથી જીવાયેલ એકાદ સંબંધ છે.

પૈસો, પદ અને પ્રતિષ્ઠા એ દરિયાઈ પાણી જેવા છે. જેમ ખારું પાણી વધારે પીએ, એમ વધારે તરસ લાગે છે. એમાંથી ઉત્પન્ન થાય છે મમત્વ અને અહંકાર. આની ઉલ્ટી પરિસ્થિતિ એટલે સંતોષ. આપણે જાણીએ છીએ કે સંતોષથી શાંતિ, સુખ અને પ્રસન્નતા મળે છે. સંતોષનો આપણે અનુભવ પણ કરીએ છીએ. પરંતુ જેને જીવનમાં સંપૂર્ણ રીતે ઉતારવામાં આપણે અસમર્થ રહીએ છીએ. પારકું મારે ન જોઈએ એ વાત બરાબર છે પણ જે મારું છે એ પણ મર્યાદિત હોવું જોઈએ એ સ્વીકારવું અઘરું છે.

જ્યાં મમત્વ અને અહમ્ છે ત્યાં પ્રેમ નથી, શાંતિ નથી, સુખ નથી, પ્રસન્નતા નથી, જીવનની મધુરતા નથી. મમત્વ એ એક પ્રકારનો ડર છે, ભય છે જે એકલતા અને ખાલીપણાનો અહેસાસ છે. આ એક એવી માયાવી રચના છે કે જેમાં જીવન અકારું હોવા છતાં વ્યક્તિ એમાં જ રાચે છે અને અંતે એનો ગુલામ બની જાય છે.

આ સમગ્ર સૃષ્ટિ, આ બ્રહ્માંડ એ ઈશ્વરનો જાદુ છે. આપણે તો આ રચનાના અંશ માત્ર છીએ. કોઈપણ જાતનો મોહ અને અહંકાર વગર જો આ જગતને જોઈએ તો તે અતિ સુંદર છે. પરંતુ આપણો મોહ અને અહમ્ આપણને સારૂં જોવા અને સમજવા દેતો નથી. આ કૂવામાંના દેડકા જેવી પરિસ્થિતિ છે. પ્રભુએ આપણને મબલખ આપ્યું છે પણ સંતોષ નથી. કુદરતે આપ્યું છે તે છોડીને કૃત્રિમ જીવન જીવીએ છીએ.

જીવનના અંતે આ બધું અહીં જ છોડી જવાનું છે. સત્તા, વૈભવ, ધન, સંપત્તિ એ બધાના રખેવાળ છીએ, એ આપણા નથી, આપણે એના માલિક નથી. તો પછી આ બધાનો મોહ શા માટે ? આ બધાનો ગર્વ શા માટે ? જ્યારે પણ પૈસા—પદાર્થમાં માલિકીભાવ આવે છે ત્યારે આપણે તેના ગુલામ થઈ જઈએ છીએ. મોહ અને રાગ આપણને પૈસા- પદાર્થના ગુલામ બનાવી દે છે અને અંતે આપણી શાંતિ અને પ્રસન્નતાનો નાશ થાય છે.

આપણા માલિકીભાવને કારણે આત્મસત્તા પર પડદો પડેલો રહે છે. આ પડદો હટે તે પછી 'હું'પણાનો, અહંમ- મમતાનો ક્ષય થાય છે. વાદળા હોય ત્યારે

સૂર્ય ઢંકાઈ જાય છે. સૂર્ય તો છે જ, વાદળા હટે એટલી જ વાર છે. આપણી આત્મસત્તા ઉપર અહંમ- મમતાના વાદળા છવાયેલા છે. આ વાદળા હટે એટલે આત્મસત્તાનો સૂર્ય પ્રકાશી ઉઠવાનો છે.

બંધન અને મુક્તિનું રહસ્ય એ છે કે જે વ્યક્તિ અહં અને મમથી દૂર થઈ શકે એ મુક્ત જીવનની મધુરતા પામી શકે છે.